

# આહ્‌વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com | Pastor : Rev. Dr. Emanuel S. Kant

Visit us at : www.shahpurmethodistchurch.com | Ph. : 079-25503545 (M) 8780130474

વર્ષ - ૫૪ | ફેબ્રુઆરી - ૨૦૨૫ | પત્ર - ૧૩૮

મંડળીનાં વ્હાલા સર્વ ભાઈ-બહેનો,

ઉદ્ધારક ઈસુના નામમાં પ્રેમી સલામ.

ફેબ્રુઆરી માસ માટે ઈશ્વરનો આભાર માનીએ, જીવંત ઈશ્વરનાં નામને ધન્યવાદ.

આપણાં દેશમાં આપણે છૂત-અછૂત, ઊંચ-નીચ, વર્ણવ્યવસ્થા વિગેરે બાબતો જોઈએ છે. જોકે હવે તેનું પ્રમાણ ઘણું ઓછું થયેલું છે. અંતરિયાળને શિક્ષણ નથી પહોંચ્યુ તેવા વિસ્તારોમાં જોવા મળે છે. આવી બાબત આપણે જીવંત ઈશ્વરનાં વચનોમાં પણ જોઈએ છે.

સમરૂની સ્ત્રીને બહારની વ્યક્તિ ગણવામાં આવે છે. યહુદીને સમરૂનીઓ વચ્ચે કોઈ પણ વહેવારો નહોતા. છૂત-અછૂત, ઊંચ-નીચની બાબત હતી આપણે જોઈએ છે. તેમાં પણ આ સ્ત્રીની વ્યક્તિગત બાબતને કારણે, લોકોનો દ્રષ્ટિકોણ તેનાં જીવનને માટે અલગ હતો. તેને ચરિત્ર્યહીનનું લેબલ તેનાં જ લોકો દ્વારા આપવામાં આપેલું. તેની મજબૂરી કે આદત હતી તેવું કંઈ આપણે કહી શકતા નથી, પરંતુ તેનાં માટે જે સ્થિતિનું નિર્માણ થયેલું કે જે પ્રમાણે તેનું જીવન હતું તે સામાજીક દ્રષ્ટિકોણથી યોગ્ય નહોતું. છતાં તે મજબૂર હતી. તેનો અંતઃકરણમાં તે જે રીતે જીવતી હતી તેથી તેનો ચોક્કસ તેને રંજને ડંખ તો હતો જ, તેને લાજશરમ પણ લાગતા હતા. તેની પાસે કોઈ આરો, વારો, સથવારો, સહકાર આપનાર નહોતું. તે એકલી અટુલી પડી ગયેલી. હા તેને ઘણાં સાથે સંબંધો હતા. તેમની પાસે પ્રેમને હુંફની, સહકારની અપેક્ષાઓ હતી. પરંતુ ભાવનાત્મક કે લાગણીના સંબંધોમાં ઓટ હતી. બલ્કે એવું લાગે કે તે પુરુષ પ્રધાન સમાજને કારણે પરિસ્થિતિઓનો ભોગ બની ગયેલી. જેને કારણે તે ખુદ ગ્લાની, દુઃખ, શરમનો અનુભવ કરતી હતી.

શરમજનક પરિસ્થિતિને કારણે તેનું ઘરની બહાર નીકળવું દુષ્કર થઈ ગયેલું. તેના લગ્નેત્તર સંબંધોને કારણે તેની છાપ તેનાં સમાજમાં લોકોમાં બગડી ગયેલી હતી. લોકોમાં તેની આબરૂ, શાખ, ખરડાયેલી હતી. તેનાં વ્યવહારને શંકાના દ્રષ્ટિકોણથી જ જોવામાં આવતો હતો. તે ઉપરોક્ત બાબતથી પરિચિત હતી. તેની પોતાની સ્થિતિથી વાકેફ હતી અને સમજતી હતી કે સમાજ તેને કયા દ્રષ્ટિકોણથી જુએ છે ? તેથી તેના દૈનિક કામોની ગોઠવણી તે એ રીતે કરે છે કે તેને લોકોનો સામનો કરવો પડે નહિ. અનિવાર્ય કારણ સિવાય બહાર નીકળવું જ નહિ. પોતાની જાતને બધાથી અલગ અળગી પોતાનાં આગવા અંદાજમાં જીવવું. અહીંયા વચનમાં જે દ્રષ્ટિકોણ છે. તે એકદમ અલગ છે. જેમાં તેનો સામાજીક, સાંસ્કૃતિક રીતે કદાચ ધાર્મિકતાનાં કારણે તે જે પ્રશ્નોનો સામનો કરી રહી છે, જેમાં તે એક ખાસ પ્રકારની ઓળખ સ્થાપિત કરવા પ્રયત્ન કરતી જોવા મળે છે. ઈસુ સાથેનાં વાર્તાલાપ, વ્યવહારમાં તે બાબત આપણે જોઈએ છે.

સામાજીક રીત-રિવાજોથી તે વાકેફ હતી. તે જાણતી હતી કે સમરૂનીઓને યહુદીઓ વચ્ચે રોટી-બોટીનો વ્યવહાર નથી. ઊંચ-નીચની બાબત છે. સામાજીક માન્યતા દઢ હતી, તેના આધારે સંસ્કારમાં-વ્યવહારમાં વારસાગત ચાલી આવતી પરંપરાથી તે વાકેફ હતી. યોહાન ૪:૯ સામે પક્ષે ઈસુ છે, જે તેનાં વિષે જાણતા હતા. તે ઈસુને જાણતી નહોતી. સમરૂની સ્ત્રી સામાજીક, સાંસ્કૃતિક, ધાર્મિક ત્રણેય દ્રષ્ટિકોણથી ઈસુની સાથે દલીલ કરે છે. તે કૂવા વિષે ગર્વ કરે છે. અમારા પૂર્વજ યાકુબે અમને આ કૂવો આપ્યો છે. તેની પાસે જ્ઞાન હતુ. સામાન્ય રીતે પ્રવાસીઓ જૂના સમયમાં દોરી-લોટો રાખતા હતા. જાતે કૂવામાંથી પાણી કાઢીને પીવા માટે. એટલે જ્યારે ઈસુ તેને કહે છે ‘જીવતુ પાણી’ આપવાની વાત ત્યારે તે શંકા કરે છે. અશક્ય લાગતી વાતો તે જીવતા પાણીની માંગણી કરે છે. ‘પ્રભુ તે પાણી આપ.’ અહીંયા વ્યક્તિગત રીતે તેનો સ્વાર્થ જુએ છે ને વિચારે છે જો આ જીવતું પાણી મળે તો મારે પાણી માટે વારંવાર બહાર આવવું ના પડે. અંતે મનોમન પશ્ચાતાપ થાય છે, તે ભજનની વાત કરે છે. તારણ ઉદ્ધારક યહુદીઓમાંથી છે, યોહાન ૪:૧૬ મહત્વની વાત તેનું બદલાણ થાય છે. હવે શરમને બદલે સન્માન પ્રાપ્ત કરે છે. સમજ મળે છે. ઈસુની ઓળખ ‘તારી સાથે જે બોલે છે. તે હું તે જ છું.’ સમરૂની સ્ત્રી. સન્માનજનક સ્થિતિ પ્રાપ્ત થાય છે. હવે ઈસુને તે ઓળખે છે. શરમ છોડીને તેણીએ જે સુવાર્તા મળી તેને તે પ્રગટ કરે છે. તે જ ખ્રિસ્ત છે.

તેને ઈસુ સ્ત્રી હોવાનું ગૌરવ પ્રદાન કરે છે. સ્ત્રી સશક્તિકરણનો મુદ્દો જોઈએ છે શરમ છોડીને સન્માન પ્રાપ્ત કરી સુવાર્તા પ્રગટ કરે છે. સ્ત્રી ચારિત્ર્યનો સમાજનો અભિગમ બદલે છે. જેઓ તેને જે દ્રષ્ટિકોણથી જોતા હતા, તે સમરૂની સ્ત્રીને ખ્રિસ્તની ઓળખ થવાથી શરમને બદલે સુવાર્તા આપનાર બને છે. સામાજીક રીતે તેની ઓળખ પ્રસ્થાપિત થાય છે. વ્હાલાઓ ખ્રિસ્તની ઓળખ આપણાં જીવનને શરમજનક સ્થિતિમાંથી બહાર લાવે છે. સન્માન આપે છે. આપણી ફરજ છે કે આપણે સુવાર્તા પ્રગટ કરીએ, બદલાણને જાહેર કરીએ. પ્રભુ ઈસુ આપણાં જીવનો બદલવાને તૈયાર છે. આપણે તેનાં હાથોમાં સોંપાઈએ.

**પાળક : રેવ. ઈમાનુએલ એસ. કાન્ત**
**‘એડીટેડ’ જોયેલ ક્રિશ્ચિયન (પાસ્ટર)**
(મનનનો વિચાર ‘લવ બીયોન્ડ બોર્ડરસ’ પુસ્તકમાંથી)

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : જાન્યુઆરી

- તા. ૧, નવા વર્ષની 'ભજનસેવા'માં મંડળીનાં વ્હાલાઓ એ આનંદ ઉલ્લાસથી ભાગ લીધો. પાળક યહોશુઆ ૩:૧-૮ 'અગાઉ એ માર્ગે' ગયા નથી. વિષય આધારિત વચન લાવ્યાં. ભજનસેવામાં પ્રોમીસ કાર્ડ આપવામાં આવ્યા. ભજનસેવા પછી ચર્ચના ટેરેસ પર જઈ ફુગ્ગા ઉડાડવામાં આવ્યા. ખૂબ આનંદથી નવા વર્ષમાં પ્રવેશ કર્યો.
- તા. ૫, ભજનસેવા. શ્રીમતી રેવ. ડૉ. હેમલત્તા પરમાર (યુ.એસ.એ.) પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૭, એમ.સી.આઈ.ના સ્થાપના દિનની ઉજવણી અમદાવાદ વેસ્ટ ડિસ્ટ્રીક્ટ દ્વારા સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતી ખાતે રાખેલ તેમાં ભાગ લીધો.
- તા.૧૨, ભજનસેવા. શ્રી શોન શેરીલ ક્રિશ્ચિયન, શ્રી હેરોલ્ડ ક્રિસ્ટોફર ક્રિસ્ટી બે વ્યક્તિઓને બાપ્તિસ્મા આપવામાં આવ્યો. પાળક દ્વારા લુક ૨:૨૧-૨૮ 'શિમયોન તારણહારનાં જન્મની ઉજવણી કરે છે' વિષયે પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૧૭, મંડળીના વડીલ શ્રીમતી આગ્નેશબહેન જોનભાઈ માસ્ટર (મેકવાન) ૮૬ વર્ષનું આશીર્વાદિત જીવન જીવી પ્રભુમાં ઊંઘી ગયા. તેમની દફનક્રિયા ડે કેર સેન્ટર મણીનગર ખાતે તા ૧૭-૧-૨૫ના રોજ સ્થાનિક પાળક દ્વારા કરાવવામાં આવી. દુ:ખિત પરિવારને પ્રાર્થનામાં ધરી રાખશો. આભાર.
- તા. ૧૯, ભજનસેવા. પાળક દ્વારા 'ઈસુનાં પસંદગીના શબ્દો' - ભાગ-૧ પ્રભુનું વચન લાવ્યા.
  શ્રી જીમી એસ. ડેવિડ-નિર્મીતાના લગ્ન બાદ આભારસ્તુતિમાં સાંજના ૮-૦૦ કલાકે ભાગ લીધો.
- તા. ૨૬, ભજનસેવા પાળક દ્વારા 'ઈસુના પસંદગીના શબ્દો' - ભાગ-૨ પ્રભુનું વચન લાવવામાં આવ્યું.

## આવનાર માસનાં કાર્ય તરફ દૃષ્ટિપાત ફેબ્રુઆરી

- તા. ૨, ભજનસેવા પ્રભુભોજન પળાવવામાં આવશે. એદન મેથોડિસ્ટ ચર્ચ પેટલાદના પાળક તથા અન્ય ભજનસેવામાં આવશે. ચર્ચ પ્રોજેક્ટ માટે દાન ઉઘરાવવામાં આવશે. ઉદારતાથી દાનો આપવા નમ્ર વિનંતી.
- તા. ૯, ભજનસેવા
- તા. ૧૬, ભજનસેવા
- તા. ૨૩, ભજનસેવા

## BIRTHDATE IN FEBRUARY

| | | | |
|---|---|---|---|
| ૫/૨ | પ્રિયંકા એન. ક્રિશ્ચિયન | ૧૯/૨ | નોએલ એસ. ક્રિસ્ટી |
| ૬/૨ | આશાબેન સી. વરસડા | ૧૯/૨ | રેની આર. ટેલર |
| ૮//૨ | જેક માયુસ રાઠોડ | ૨૨/૨ | મિલીન્દ આર. કાપડીઆ |
| ૯/૨ | કેનેથ એફ. ટેલર | ૨૨/૨ | પરેશ બી. પરીખ |
| ૧૧/૨ | મોનિકાબેન એસ. ડેવિડ | ૨૩/૨ | જસ્ટીન બી. પરીખ |
| ૧૧/૨ | સમીર એસ. ભાટીયા | ૨૫/૨ | પ્રકૃતિ એ. ફ્રેન્ક (USA) |
| ૧૫/૨ | શ્વેતાલી કે. મહિડા (USA) | ૨૫/૨ | કોલીન એ. ક્રિશ્ચિયન |
| ૧૮/૨ | વેલેન્ટીના વી. દાસ | ૨૫/૨ | અમીષા એન. પરીખ |

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી શૈલેષ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૨. | નિલેષ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૩. | શ્રી એન્થની એસ. ઈમાનુએલ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૪. | અર્પિતા ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૫. | પારૂલ જે. પેટ્રિક | આ.સ્તુ. | ૫૦૦ |
| ૬. | ક્રિસ્ટોફર સતિષકુમાર ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૭. | નિમીષા પી. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૮. | શેરીલ આર. ક્રિશ્ચિયન (બાપ્તિસ્મા પ્રસંગે) | | ૧૦૦૦ |
| ૯. | શર્મિલા શ્રેયાંશ અર્લિક | બર્થડે | ૫૦૦ |
| ૧૦. | જ્યોતિબેન કે. વાઘેલા | બર્થડે | ૨૦૦ |
| ૧૧. | રીનીશા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૨. | જીમી એસ. ડેવિડ | આ.સ્તુ. | ૩૦૦૦ |
| ૧૩. | શ્રી ગૌરવ શ્રીમતી મેઘા અરોરા (યુ.કે.) | આ.સ્તુ. | ૧૦૦૦૦ |
| ૧૪. | ઉષા ઈમાનુએલ કાન્ત | આ.સ્તુ. | ૧૦૦ |
| | | પુઅર ફંડ | ૫૦ |
| ૧૫. | શ્રીમતી ડાયનાબેન એમ. ચૌહાણ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૬. | શ્રીરાજેશ શાંતિલાલ ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) | | |
| | આભારસ્તુતિ | | ૫૦૦૦ |
| | પુઅર ફંડ | | ૧૦૦૦૦ |
| | મેડીકલ ફંડ | | ૧૦૦૦૦ |
| | એજ્યુકેશન ફંડ | | ૧૦૦૦૦ |
| | (કુલ દાન ચેકથી-૩૫૦૦૦) | | |

(કુટુંબની મુલાકાત કરી પરત યુ.એસ.એ. પાછા ફરેલ છે. આભાર)

**નોંધ :**

૧. સન્ડેસ્કૂલના વર્ગો નિયમિત ચાલુ કરવામાં આવેલા છે.
૨. શુક્રવારની પ્રાર્થના બાઈબલ અભ્યાસ ચાલુ કરવામાં આવેલ છે.
૩. એમ.વાય.એફ.ની સ્થાપના માટે સંગતો શરૂ કરવામાં આવેલ છે. જુવાન દીકરા-દીકરીઓને ભાગ લેવા વિનંતી. દર રવિવારે ભજનસેવા બાદ સંગત મળે છે.

## નાણાંકીય અહેવાલ ડિસેમ્બર - ૨૦૨૪

| | | |
|---|---|---|
| **તા.૧-૧૨-૨૪ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૫૭૩૧૪.૦૦ |
| | બેંક | ૫૮૩૩૮૯.૫૯ |
| **તા.૩૧-૧૨-૨૪ સુધીની** | આવક | ૨૧૪૩૫૦.૦૦ |
| | કુલ | ૮૫૫૦૫૩.૫૯ |
| **તા.૩૧-૧૨-૨૪ની બંધ સિલક** | | |
| | રોકડ | ૪૧૬૯૦.૦૦ |
| | બેંક | ૬૪૪૭૫૪.૫૯ |
| **તા.૩૧-૧૨-૨૪ સુધીનો** | ખર્ચ | ૧૬૮૬૦૯.૦૦ |
| | કુલ | ૮૫૫૦૫૩.૫૯ |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**

**જાન્યુઆરીના બુલેટીનમાં સુધારો**

મહિલા મંડળનાં રિપોર્ટ દાતાના લીસ્ટમાં
૧૮ ક્રમમાં શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડ રૂ. ૧૫૦૦નાં બદલે ૩૦૦૦.
૨૪ ક્રમમાં શ્રી ગૌરવી પટેલને બદલે શ્રી ગૌરવ પટેલ.

**પ્રમુખ મહિલા મંડળ, શ્રીમતી મંદાકિની એ. પેલ્મોર**